Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓને તથા ડિપાર્ટમેન્ટના વડાશ્રીને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ થી અમલમાં આવનાર વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળના તમામ પ્રોગ્રામોમાં પ્રશ્નપત્રોનું માળખું તૈયાર કરવા, Bloom's Taxonomy પ્રમાણે Difficulty Level's ના Percentage નક્કી કરવા અને પ્રશ્નપત્રના માળખામાં Option નિયત કરવા અંગે વિચારણા કરતા વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૫/૦૩/૨૦૨૫ની સભાનાં ઠરાવ ક્રમાંક:૭ થી નીચે મુજબ કરેલ ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા.૨૦/૦૩/૨૦૨૫ની સભાનાં ઠરાવ ક્રમાંક:૧૮ થી સ્વીકારી મંજૂર કરવામાં આવે છે. જેનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

## વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૫/૦૩/૨૦૨૫ની સભાનાં ઠરાવ ક્રમાંક:૭

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળના તમામ પ્રોગ્રામોમાં પ્રશ્નપત્રોનું માળખું તૈયાર કરવા, Bloom's Taxonomy પ્રમાણે Component ના Percentage નીચે મુજબ રાખવા.

| Remembering, Understanding, Application | Analysis, Evaluation, Creation |
|---|---|
| 70 % | 30 % |

વધુમાં, પ્રશ્નપત્રના માળખામાં કુલ 40 to 60 % વિકલ્પ નિયત કરવામાં આવે છે એટલે કે ૧૦૦ માકર્સનું પ્રશ્નપત્ર હોય તો વિકલ્પ સાથે પ્રશ્નપત્રનાં કુલ ગુણ 140 to 160 હોવા જોઈએ.

ઉપરોકત મુજબ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

## એકેડેમિક કાઉન્સિલની તા.૨૦/૦૩/૨૦૨૫ની સભાનાં ઠરાવ ક્રમાંક:૧૮

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાશાખાની તા.૧૫/૦૩/૨૦૨૫ની સભાનાં ઠરાવ ક્રમાંક:૭ અન્વયે કરેલ ઉપરોકત ભલામણને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે સ્વીકારી મંજુર કરવામાં આવે છે.

ક્રમાંક: ઓથો./સાયન્સ/પરિપત્ર/૭૩૨૧/૨૦૨૫
તા.૨૪/૦૩/૨૦૨૫

કુલસચિવ

પ્રતિ,
૧) વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા ડિપાર્ટમેન્ટ્નાં વડાશ્રી.
.....આપશ્રીની કોલેજ/વિભાગના સંબંધિત શિક્ષકોને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) અધ્યક્ષશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.